**ફો.કેસ નંબર– ૫૬૬૬/૦૫**

## : <u>આંક – ૧ લગત હુકમ</u> :

(૧) વિ.એ.પી.પી શ્રીની આંકઃ <u>૨૬</u> ની પુરસીસ તથા જિલ્લા કલેકટરશ્રીનો તા.૦૮/૦૨/ ૨૦૧૮ ના રોજનો આદેશ નં જે–એકસ–ડોરમેન્ટ કેસ ફા.નં ૨૪/૧૮ ધ્યાને લીધો, રેકર્ડ જોતા પુરતા પ્રયત્ન કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી અને આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી. આમ પ્રસ્તુત કેસ ઘણો જુનો છે, જેથી હવે ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી જ મુશ્કેલ જણાતી હોય અને આવા ડેડવુડ કેસોના ભરાવાના કારણે ઈફેકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પણ પુરતુ ધ્યાન આપી શકાતુ ન હોય, આવા કેસોના ભરાવાનુ ભારણ ઓછુ થાય અને ઈફેકટીવ કેસ તરફ પુરતુ ધ્યાન આપી શકાય, તેવા શુભઆશય સાથે આ કેસની ઈન્સાફી બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે.આ સંજોગોમાં ન્યાયના હિતમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ અન્વયે આ ફોજદારી કેસ પરત ખેચવા આસીસ્ટંટ પબ્લીક પ્રોસીકયુટરને પરવાનગી આપવામાં આવે છે અને આ કેસમાં પુરાવો નોંધાયેલ ન હોય, આરોપીને બિન–તહોમત મુકત કરવા આદેશ કરવામાં આવે છે.

મુદામાલનો અગાઉ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને હુકમ કરેલ ન હોય તો મુદામાલનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નિકાલ કરવો.

જો રોકડ મુદામાલ હોયતો તે શ્રી સરકાર જમા કરવો.

કેસ રજીસ્ટરે હુકમની નોંધ કરવી.

આજરોજ નેશનલ લોક અદાલતમા હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૨/ ૨૦૧૮
રાજકોટ.

(વી. એસ. ગઢવી)
૧૩માં એડી.ચીફ જયુડી.મેજી.
રાજકોટ.
કોડ નંબર–જીજે–૦૧૦૧૪